# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

શ્રદ્ધા અને વિશ્વાસ જીવનમાં વણાઇ ગયાં છે,
પ્રવાસનાં શોખીન, 'ગુજરાતી' ગણાઇ ગયાં છે,
ભણાઇ ગયા પાઠ અનેક મુસાફરીમાં છતાં -
શ્રદ્ધા બની જાય અંધ, જીવન તણાઇ ગયાં છે..
(અનેક ગુજરાતીઓ લાપતા)

## હાઇકુ

કરે શું કોઇ?
કુદરત ની સામે -
તંત્ર લાચાર

આસ્તિક પ્રજા,
શોધે ભગવાનને
યાત્રાધામો માં..

## ચિંતન

**ગુણં પૃચ્છસ્વ મા રૂપં શીલં પૃચ્છસ્વ મા કુલમ ।**
**સિદ્ધિં પૃચ્છસ્વ મા વિદ્યાં ભોગો પૃચ્છસ્વ મા ધનમ્ ॥**

'ગુણને પૂછો રૂપને નહિ, શીલ-ચલિત્ર-સ્વભાવ ને પૂછો કુળને નહીં, સિદ્ધિને પૂછો વિદ્યા (ડીગ્રી)ને નહિં. ભોગ-(સુખ-શાંતિ-સુવિધા) ને પૂછો ધનને નહીં.'

આજકાલ કન્યા પસંદગી-નોકરીઓનાં ઉમેદવાર વગેરે બાહ્ય દેખાવ-ટાપટીપ-રૂપને મહત્ત્વ આપવામાં આવે છે. વાસ્તવમાં તો સદ્‌ગુણો, સારી રીતભાત-વિવેક-નમ્રતાને મહત્ત્વ આપવું જોઇએ. બાહ્ય દેખાવનો કોઇ અર્થ નથી.

ઉચ્ચ કુળમાં જન્મેલ વ્યક્તિ સ્વભાવે કર્કસ, ઉગ્ર-ઇર્ષાળુ-અવિનયી તો એનાં ઉચ્ચકુળનો શો અર્થ સ્વભાવ શાંત-મળતાવળો-સહકાર આપનાર અને સૌને મદદરૂપ થનાર હોય એ જરૂરી છે.

માણસો ભણી-ભણીને ડીગ્રીઓનાં આલ્બંબ બનાવે છે ચંદ્રકો અને કપ કબાટમાં ખડકે છે પણ વ્યવહારમાં કોઇ જ આવડત ન હોવાને કારણે કયાંક સફળતા કે સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. એવી 'ડીગ્રીઓ' ભેગી કરવાનો શું અર્થ?

ગરીબ મજૂર પરિશ્રમ કરી રોટલો-ડુંગળી-છાશ ખાઇ લીંમડાના છાંયડે મીઠી ઉંઘ માણે એવી સુખ-શાંતિ ધનિકને 'એસી' શયનકક્ષમાં પણ મળતી નથી. જે સુખ શાંતિ-સંતોષ - 'લીંમડાની છાયા' નીચે મળે છે એ ધનના ઢગલાથી નથી મળતી.

## સુવિચાર

- ધીરજ આપણામાં રહેલી નિર્બળતામાં શ્રેષ્ઠ સહાયક છે - **સોમદેવ**
- પ્રકૃતિ, સમય અને ધીરજ એ ત્રણેય મહાન ચિકિત્સકો છે - **કબીર**
- નમ્રતા ધારણ કરવાની કોઇ કિંમત ચૂકવવાની નથી પણ તે બધી ચીજો ખરીદી શકે છે - **સ્પેનિશ કહેવત**
- જે ધીરજ ધરે છે અને શ્રમથી ગભરાતો નથી તેને સફળતા અચૂક મળે જ છે- **યોગ વશિષ્ઠ**
- પ્રકૃતિનું અનુસરણ કરો, ધૈર્યનું તે શ્રેષ્ઠ ઉદાહરણ છે - **પંચતંત્ર**
- મહાન વ્યક્તિઓ વિપત્તિ વખતે મૌન, સંયમ અને ધીરજ રાખે છે - **શેખ સાદી**

## બોધ કથા

આજકાલ તો સામાન્ય પોલીસ અધિકારીઓ અને ધારાસભ્યો પણ કમાન્ડોથી ઘેરાયેલા હોય છે ત્યાં વડાપ્રધાન, મુખ્યપ્રધાન, રાષ્ટ્રપતિ ને સાત કોઠા ભેદી મળી પણ કેમ શકાય? કોણ જાણે એ લોકો એ કેવાં કામ કર્યાં હશે કે સદાય ભયભીત રહી 'સુરક્ષા'માં જ રહે છે. એ લોકો જયાં પણ જાય ત્યાં 'વીવીઆઇપી ટ્રીટમેન્ટ' ની જ અપેક્ષા રાખે નિયમો-કાયદા એમને તો પાડવાનું કયાં આવે?!

મોસ્કો-રશિયાના રાષ્ટ્રપતિ ક્રેમલિન શહેરની એક હજામની દુકાને દાઢી કરાવવા ગયા. હજામ તેમને ઓળખી ગયો અને વંદન સાથે સ્વાગત કરી કહ્યું, આવો, કેમ છો વ્હાલાદીમીર ઇલિચ?

લેનિન વ્હાલાદીમીર ઇલિચે પણ સૌને વંદન કરી કહ્યું, તમે સૌ બિરાદરો કેમ છો? કહી પોતાના વારા પ્રમાણે 'ચોથા' નંબરની ખૂરશીમાં બેસી ગયા.

હજામ જયારે ચાલુ હજામત પુરી થઇ ત્યારે રાષ્ટ્રપતિ લેનિનને કહ્યું, આવો આપ હવે બેસી જાવ! તમારે તો માત્ર દાઢી જ કરાવવાની છે ને!

લેનિન કહે ના એમ ન બેસાય તમે બનાવેલી વ્યવસ્થા એ તમારો કાયદો જ છે તેનો મારાથી ભંગ ન થાય! હું મારા વારા પ્રમાણે જ બેસીસ!

તેના પહેલાંનાં ત્રણે ગ્રાહકોએ કહ્યું આપને રાષ્ટ્રનું અગત્યનું કમ હશે. તમારો સમય અમારા કરતાં વધારે કિંમતી છે માટે આપ જ બેસો - અમને વાંધો નથી.

આનાકાની થઇ લેનિન ઇલિચને જણાયું કે જો હું હઠ કરીશ તો આ લોકોની લાગણી દુભાસે - તેથી આભાર માની બેઠા..


E-mail : sureshchandrabhatt18@gmail.com

# રાંઝણા : પ્રેમ એટલે હિરો અને બાકીના બધા જ વિચારો અને વાસ્તવિક સ્થિતિ એટલે વિલન..

ભારતમાં સૌથી નાની વયે અભિનય માટે નેશનલ ફિલ્મ એવોર્ડ હાંસલ કરવાનું બહુમાન જેને મળ્યું છે... 'વાય ધીઝ કોલાવેરી ડી..' જરાય ન સમજાય એવા આ એક માત્ર ગીતથી આખા દેશમાં 'બચ્ચા-બચ્ચા જાનતા હૈ' જેવી સ્થિતિ સર્જવાનું શ્રેય જેણે મેળવ્યું છે... અને 'રિશ્તે મેં તો હમ રજનીકાન્ત કે ભી દામાદ લગતે હૈં...' એવી લાઈન એ વાસ્તવિક્તામાં બોલી શકે છે એવા ૨૯ વર્ષના તામિલ અભિનેતા ધનુષ ની પહેલી હિન્દી ફિલ્મ છે 'રાંઝણા.' એક નહીં પણ બે-બે ઓસ્કાર એવોર્ડ્સ હાંસલ કરનાર મશહુર સંગીતકાર એ.આર.રહેમાને જેમાં ખૂબ મહેનત કરીને સંગીત આપ્યું છે એ ફિલ્મ છે 'રાંઝણા.' અને ઈરોઝ ઈન્ટરનેશનલ - ક્રિષિકા લુલ્લા જેવા નિર્માતાએ નિર્માણમાં અને પછી પબ્લિસિટીમાં મોટો ખર્ચ કરીને ૧૦૦૦ જેટલા સિનેમાઘરોમાં રજૂ કરી છે એવી ફિલ્મ છે 'રાંઝણા.' આટલું બધું શ્રેષ્ઠ-શ્રેષ્ઠ હોય જે ફિલ્મમાં એ ફિલ્મ ખરાબ કે નબળી હોવાની સંભાવનાઓ તો ઓછી થઈ જ જાય છે.



દિગ્દર્શક આનંદ એલ. રાય ની ફિલ્મ 'રાંઝણા' તીવ્રતાથી - રાંઝાની જેમ પ્રેમ કરતા બનારસના એક સીધા-સાદા યુવાનની વાર્તા છે. પેઢીઓથી બનારસ આવીને વસેલા તામિલિયન બ્રાહ્મણ પરિવારનો કુંદન (ધનુષ) બનારસની ગલીએ ગલીઓનો 'રાજા' છે. સાવ ફક્કડ અને બેફિકરો કુંદન હાઈસ્કૂલ કાળમાં જ મુસ્લિમ કન્યા-ઝોયા (સોનમ કપૂર) પર દિલ વારી જાય છે. ઉત્તર પ્રદેશમાં પ્રેમ કરવાની બે પધ્ધતિ છે; એક તો પ્રેમિકાનો પીછો કરવો અને કોઈના મારફતે તેને પ્રેમપત્ર પહોંચાડવો... બીજી પધ્ધતિ એ કે કોઈને કોઈ રીતે પ્રેમિકાને ડરાવી દેવાની... કુંદન આ બીજી પધ્ધતિ અપનાવીને ઝોયા ને પ્રેમમાં પાડે છે... પછી કુંદન જાતે ક્યાં-ક્યાં અને કેમ-કેમ પડે છે એનું સંવેદનાસભર નિરૂપણ એટલે 'રાંઝણા'.




ફિલ્મના દિગ્દર્શક આનંદ એલ. રાયે ફિલ્મના મેકીંગમાં ખૂબ જ મહેનત કરી છે. વર્ષ-૨૦૧૧માં 'તનુ વેડ્સ મનુ' નામની ફિલ્મથી દિગ્દર્શન શરૂ કરનાર આનંદ રાયે 'રાંઝણા' થી પોતાના નામમાં 'એલ' વાપરવાની શરૂઆત કરી છે. ન્યુમરોલોજી પ્રત્યેની તેમની શ્રધ્ધા આ ફિલ્મથી ફળશે. આનંદ એલ. રાય દિગ્દર્શન વિષે વિચારતા હતા અને હિમાંશુ શર્મા પાસે 'રાંઝણા'ની વાર્તા-સ્ક્રીન પ્લે લખાવી રહ્યા હતા ત્યારે તેમણે શાહીદ કપૂર અને સોનાક્ષી સિન્હાને નજરમાં રાખ્યા હતા. બન્નેને સાઈન પણ કરી લેવાયા હતા, પરન્તુ પછીથી બન્નેને પડતા મુકીને તેમની જગ્યાએ ધનુષ અને સોનમ કપૂરને લેવાયા. 'રાંઝણા' જોતાં લાગે કે ધનુષ જ આ ફિલ્મ માટે સૌથી વધુ યોગ્ય છે. દસમા ધોરણના વિદ્યાર્થીની વયના ગેટ અપ થી લઈને ગામડીયા યુવાન સુધીના પ્રત્યેક દશ્યમાં ધનુષ ખીલી ઉઠે છે. તો સોનમ કપૂર પણ નવમા ધોરણમાં ભણતી વિદ્યાર્થીનીની ભૂમિકાથી લઈને પાકટ યુવતિ સુધીના રોલમાં જચે છે.

'રાંઝણા'નું સંપૂર્ણ શૂટીંગ વારાણસી, દિલ્હી, ગુડગાંવ, ફરિદાબાદ અને નવી દિલ્હીમાં થયું છે. વારાણસી - બનારસ પણ એક પાત્ર હોય એ રીતે ફિલ્મમાં વણાયેલા છે. નિરંજન સુબ્રમણ્યમની ફોટોગ્રાફીએ સામાન્ય લોકેશન્સને પણ ખૂબસુરત બનાવ્યા છે. તેમાં પણ હોળી દશ્યો - નૃત્ય-ગીતોમાં તો ફોટોગ્રાફીએ કમાલ કરી દેખાડી છે. ફિલ્મના તાજગીભર્યા લૂક માટે સિનેમેટોગ્રાફી ને યશ જાય છે.

'રાંઝણા'માં કલાકારોનો અભિનય સૌથી મોટું જમા પાસુ છે. તેમાં પણ વૈંક્ટેશ પ્રભુ કસ્તુરી રાજાએ તો કમાલ કરી છે. તમને થશે કે આ વળી કોણ? 'રાંઝણા'ના હિરો ધનુષનું સાચું-અસલી અને આખું નામ તો વૈંક્ટેશ પ્રભુ કસ્તુરી રાજા જ છે. ધનુષ તો એના પહેલા અભિનય વખતે પાત્રનું નામ હતું, બસ ત્યારથી જ તેણે 'ધનુષ' નામ જ અપનાવી લીધું છે. ધનુષ આપણા માટે ભલે નવોદિત કે અજાણ્યો હશે, પરન્તુ તામિલ ફિલ્મોમાં ધનુષ સુપરસ્ટાર જ નહીં સુપર ટંકશાળ છે. તેની મોટાભાગની ફિલ્મો સુપરહીટ થાય છે. ધનુષનું પોતાનું પ્રોડક્શન હાઉસ અને પોતાની મ્યુઝિક કંપની છે. રજનીકાન્તની દીકરી ઐશ્વર્યા સાથે ધનુષે વર્ષ-૨૦૦૪ માં લગ્ન કર્યાં હતા, આજે તેમને ૭ વર્ષ અને ૩ વર્ષની વયના બે દીકરા છે. 'રાંઝણા' એક અઠવાડિયા પછી તામિલ ભાષામાં ડબ થઈને 'અંબિકાપથી' એવા નામે રિલિઝ થવાની છે. પોતાના અભિનયથી આખી ફિલ્મ ધનુષે પોતાના ખભે ઉપાડી લીધી છે.

સોનમ કપૂરે પણ સુંદર અને તાજગીભર્યો અભિનય કર્યો છે. અભય દેઓલ- અકરમના પાત્રમાં અસરકારક છાપ છોડી જાય છે. ફિલ્મમાં કુન્દનની બાળપણની મિત્ર તરીકેની ભૂમિકા સ્વરા ભાસ્કરે ખૂબ જ સુંદર રીતે નિભાવી છે. ટેલિવિઝન જોતા પ્રેક્ષકો માટે સ્વરા ભાસ્કર અજાણ્યું નામ નથી. 'તનુ વેડ્સ મનુ'માં કંગના રાણાવતની મિત્રની ભૂમિકામાં પણ સ્વરા ભાસ્કર હતી. 'રાંઝણા'માં સ્વરા ભાસ્કરનો અભિનય ફિલ્મમાં નવું પરિણામ ઉમેરે છે. ધનુષના મિત્ર - મુરારીના પાત્રમાં મહંમદ ઝીશાન ઐયુબે પણ સુંદર અભિનય કર્યો છે. કલાકારોના તાજગીસભર અને એનર્જેટિંક અભિનયને કારણે 'રાંઝણા' પ્રેક્ષણીય બની છે.

ફિલ્મનું સંગીત અને ગીતો તો હીટ થઈ જ ગયા છે. એ. આર. રહેમાનના સંગીતનો ક્લાસીકલ ટચ સંગીતને બહુ સૌમ્ય બનાવે અને હૃદય સુધી પહોંચાડે.

દિગ્દર્શક તરીકે આનંદ એસ. રાય કલાકારો પાસેથી ધાર્યું કામ લેવામાં સફળ થયા છે. ફિલ્મના સંવાદો સાદગીભર્યા છતાં અસરકારક છે.

પ્રેમ અને યુધ્ધમાં કંઈપણ સંભવ છે... હવે એવું કહેવાય કે પ્રેમ અને પોલિટિક્સમાં કંઈપણ સંભવ છે. આ ઉક્તિનો અક્ષરસઃ અમલ એટલે 'રાંઝણા', પ્રેમમાં જીવન ન્યોચ્છાવર કરી દેવું એટલે શું ? એ આ ફિલ્મ બતાવે છે. જેને મન પ્રેમ જ એક માત્ર જીવનનો ઉદ્દેશ છે, એનું જીવન કેવું હોય એ આ ફિલ્મમાં છે. 'રાંઝણા' નો હિરો એટલે પ્રેમ અને પ્રેમ સિવાયના બાકીના બધા જ વિચારો અને વાસ્તવિક સ્થિતિ એટલે વિલન.. એવું સાબિત કરે છે આ ફિલ્મ. માત્ર અને માત્ર દિલની સાંભળો તો આ ફિલ્મમાં બધું જ સારું લાગે, દિમાગ થી વિચારો તો દ્વિધામાં પડો કે ફિલ્મ સારી કે ખરાબ...? આમ જોઈએ તો 'રાંઝણા' થોડી પીડાજનક પણ છે. પ્રેમની સામે કોઈ છેલ્લે સુધી ઝુકે જ નહીં અને ઝીક જ ઝીલે રાખે એ આજના યુગમાં - વાસ્તવિક્તાથી વિચારીએ તો યોગ્ય લાગતું હશે પણ દિલથી વિચારો તો અયોગ્ય... 'રાંઝણા'નું પણ આવું જ છે. ટૂંકમાં આ ફિલ્મમાં તમને કંટાળો તો નહીં જ આવે... એક વાર જોઈ નાખવામાં વાંધો નહીં.

# કરારના પાલન અને અમલ અંગે જાણકારી ભાગ-૧ (કરારના કાયદા ૧૯૭૨ની કલમ-૩૭, ૩૮ની સમજૂતી)

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

કોન્ટ્રાક્ટ એક્ટ ૧૮૭૨ ની કલમ-૩૭,૩૮ તથા ૨૯ માં કરારનાં પાલન કરવાની ફરજ અંગે સમજૂતી આપેલ છે. જે મુજબ Contract એટલે કે કરારના પક્ષકારોની જવાબદારી તથા કાયદાના પ્રબંધો હેઠળ અન્ય કાયદાના પ્રબંધો નીચે વચનપાલનને જતું કરવામાં આવ્યું હોય કે માફી આપવામાં આવી હોય તે સિવાય કરારના પક્ષકારોએ એમના પોતપોતાના વચનોનું પાલન કરવું જોઇએ. અથવા તેમ કરવા માટે દરખાસ્ત કરવી જોઇએ.

કોઇ પણ કરારમાંથી વિરૂદ્ધ ઇરાદો જણાતો ન હોય તો કરાર પાલન પહેલાં આવા વચન દાતાઓના મૃત્યુથી તેમના વચનો ચેમના પ્રતિનિધિઓને બંધનકર્તા રહેશે.

દા.ત. અમુક દિવસે રૂા. ૧૦૦૦/- ના બદલામાં અશોક નામનો વ્યક્તિ બાબુલાલને માલ આપવાનું કબૂલ કરે છે અને તે પહેલાં અશોક મૃત્યુ પામે છે. પરંતુ અશોકના પ્રતિનિધિઓ ને માલ આપવાને બંધાયેલા છે અને બાબુલાલ અશોકના પ્રતિનિધિઓને આ માલની કિંમત આપવા બંધાયેલા છે જેને પૂર્ણ કરાર નો અમલ કહેવાય. પરંતુ કોઇ વ્યક્તિ પોતાની બુદ્ધિ કૌશલ્યથી ત્રાહિત વ્યક્તિ સાથે કરાર કરે અને તે પહેલાં મૃત્યુ પામે તો કરારકર્તાના મૃત્યુથી આવા કરારનો અંત આવે છે. કારણ કે અન્ય પ્રતિનિધિઓ અથવા વારસો કરારકર્તાના જેવું બુદ્ધિ કૌશલ્ય દાખવી સેવા પુરી પાડી શકે નહીં. ઉદાહરણ તરીકે આ નામનો વ્યક્તિ 'બ' નામના વ્યક્તિને ચોક્કસ રકમથી ચિત્ર બનાવી આપવાનો કરાર કરે છે અને ચિત્ર પુરૂ થાય તે પહેલાં 'નામનો વ્યક્તિ મૃત્યુ પામે છે તો કરાર કર્તાના મૃત્યુ બાદ આવા કરારનો કોઇ જ અર્થ રહેતો નથી પ્રતિનિધિઓ પણ આ કરારના પાલન કરવાનો આગ્રહ રાખી શકે નહીં.'

કરાર અધિનિયમ ૧૮૭૨ની કલમ-૩૮ ની જોગવાઇ મુજબ કરારના પાલનની દરખાસ્તની અસ્વીકારની અસર જણાવેલ છે. વચન દાતાઓ જયાં તેના વચનના પાલનની દરખાસ્ત કરી હોયઅને તે ન સ્વીકારાઇ હોય ત્યાં વચનનું પાલન ન થાય તે માટે વચનદાતા જવાબદાર નથી અને તેથી કરાર નીચેના પોતાના હક્કો તેવી વ્યક્તિ ગુમાવતી નથી. આવી દરેક દરખાસ્તમાં નીચેની શરતો પરિપૂર્ણ થવી જોઇએ.

- દરખાસ્ત બીન શરતી હોવી જોઇએ
- દરખાસ્ત સ્થળ અને સમય અને જે વ્યક્તિ દ્વારા કરવામાં આવી હોય તે વ્યક્તિ વચનથી જે કામ કરવા બંધાયેલી છે તે બધુ જ ત્યાંને ત્યાં જ કરવાને શક્તિમાન અને હરહંમેશ ખુશી છે તેવી ખાતરી કરવાની વ્યાજબી તક હોય તેવા સંજોગોમાં કરેલ હોઇ જોઇએ.
- આથી દરખાસ્ત જો વચનગ્રહિતાને કંઇક આપવાની દરખાસ્ત હોય તો વચન ગ્રહિતા એ જોવાની વ્યાજબી તક હોવી જોઇએ કે વચનદાતા તેના વચનથી આપવાને બંધાયેલો હતો તે જ વસ્તુ કરારમાં દર્શાવેલ છે.

અનેક સંયુક્ત વચનદાતાઓમાંથી એકને કરેલી દરખાસ્તના કાનૂની પરિણામો તેઓ બધાને દરખાસ્ત કરી હોય તેવા જ રહે છે. ઘણી બધી વ્યક્તિ વતી એક જ વ્યક્તિએ કરાર પાલનની દરખાસ્ત કરી હોય અને અવેજ મેળવેલ હોય તો બાકીના બધા જ સહમાલિકોને આવી દરખાસ્ત કબૂલ મંજૂર રાખવામાં આવે છે.

કરારના સંપૂર્ણ રીતે વચનપાલન કરવાના ઇરાદાથી અસર મુજબ કરારના એક પક્ષકારે વચનપાલનનો જયારે ઇનકાર કર્યો હોય અથવા પૂર્ણ રીતે વચનપાલન કરવા માટે કરાર કરનારને અલમર્થ બનાવ્યો હોય ત્યારે વચનગ્રહિતા કરારનો અંત લાવી શકે છે સિવાય કે કરારકર્તાએ શબ્દોથી કે વર્તનથી કરાર ચાલુ રાખવાની સંમતિ દર્શાવી હોય મૌન પણ એક સંમતિનો જ ભાગ ગણવામાં આવે છે.

દરેક કરાર હક્ક અને ફરજ ઉત્પન્ન કરે છે અને તેથી તેનાથી જ એક કાનૂની સંબંધ ઉપસ્થિત થાય છે અને પરિમામે અવિબંધનો પેદા થાય છે. જે પરસ્પર હોય અથવા એક પક્ષનાં સંદર્ભમાં પણ હોય કરારના પરિણામો કાનૂની સંબંધો ઉપસ્થિત થાય પરંતુ કોઇ કરાર એવા સંબંધો ઉત્પન્ન કર્યા વિનાનો હોય એમ સ્વીકારી શકાય નહીં.

આવા કાનૂની સંબંદ અથવા કાનૂની ગાંઠ (Legaltie) કેવી રીતે અંત આવશે અને પક્ષકારો કરારનાં તેમનાં પરસ્પરના અવિબંધનોમાંથી કેવી રીતે મુક્ત થશે તેનો જાણકારી કલમ-૩૭માં દર્શાવી છે. જે મુજબ પક્ષકારોએ તેમના પરસ્પરના કરારના વચનોનું પાલન કરવું જોઇએ. જો કરારમાં જણાવ્યા મુજબ પક્ષકારોએ તેમના પરસ્પરના કરારના વચનોનું પાલન કરવું જોઇે. જો કરારમાં જણાવ્યા મુજબ પક્ષકારોએ બરાબર પાલન ના થાય તો કરારનો અંત આવે છે અને કરારભંગ બદલ નુકશાનકર્તા અગર તો અસરકર્તા પક્ષકાર ન્યાય મેળવી શકે છે. કરારભંગના વિશેષ પાલનનો દાવો કરી દાદ સમક્ષ કોર્ટમાંથી મેળવી શકે છે. આવા કરારભંગના કારણે પક્ષકારને થયેલ નુકશાન વળતર પર સક્ષમ કોર્ટમાંથી મેળવી શકે છે. પરંતુ કરારનો સંપૂર્ણ પાલન કરેલ નથી તેમ સાબિત કરવાની જવાબદારી કરારકર્તાની છે જે હકીકતનો પ્રશ્ન છે.

# એક વાર તેની પત્નીએ વર્ષોથી ધૂળખાતી તથા બીનઉપયોગી પેટી કાઢી નાંખવા પતિને વાત કરી, નાના દીકરાએ મા ની યાદગીરી વેચવાની ચોખ્ખી ના પાડી હતી

## બાની પેટી
### વાર્તા

- હર્ષદરાય ઉપાધ્યાય

જનકરાયનું કુટુંબ આખાય પંથકમાં જાણીતું હતું. અને કેમ ના હોય, કારણ કે ખાનદાની અમિર પરિવાર હતો. પેઢીઓથી અમીરી ચાલી આવતી હતી. દાન-સખાતમાં સદાય મોખરે રહેતાં જનકરાય ને ત્રણ દીકરા હતા અને ત્રણેય પાછા સંસ્કારી તથા પિતાજી જેવા જ ધંધામાં હોંશિયાર.

જનકરાયનાં પત્ની રાધાબેન ધાર્મિક, સંસ્કારી તથા માયાળુ સ્વભાવનાં હતા. તેમને આંગણેથી કદી કોઇ ભૂખ્યું જતું નહીં. સમય જતાં ત્રણો પુત્રોનાં લગ્ન લેવાયાં અને ત્રણે દીકરાઓને સુંદર, સુશીલ પત્નીઓ મળી. ઘરમાં આનંદનો માહોલ હંમેશા રહેતો.

નગરનાં મુખ્ય ચોકમાં સોના-ચાંદીનો ધીખતો ધંધો સંભાળતા જનકરાય હવે વૃદ્ધત્વને આરે પહોંચ્યા હતા. તેમના દીકરાઓ તેમને ધંધામાં બરોબર સાથ આપતા હતા. લગભગ ૮૫ વર્ષની વયે જનકરાયે દેહ છોડ્યો ત્યારે માત્ર ઘરમાં જ નહીં સમગ્ર નગરમાં શોક પ્રસરી રહ્યો. રાધાબેન તો લગભગ પડી ભાંગ્યા. પતિના અવસાન બાદ તેમનું જીવન સાવ બદલાઇ ગયું. બંગલાના તેમના અલાદયા ઓરડે મોટે ભાગે તે જીવન વ્યતિત કરી રહ્યાં હતા. શરીરે ધીરે ધીરે જાણે કે સાથ છોડયો શરૂ કર્યો હોય તેમ જણાતું હતું. ત્રણે પુત્રો ધંધો સંભાળી રહ્યા હતા. જનકરાયની હવે ખોટ પડવા લાગી હતી.

ધીરે ધીરે ત્રણે પુત્રો વચ્ચે ખટરાગ શરૂ થતો હતો. તેમની પત્નીઓ પણ પતિને પગલે કંકાસને માર્ગે જઇ રહી હતી. ઘરમાં સાથે રહેતો પરિવાર વિખરાવા જઇ રહ્યો હતો. ઘરનાં, મિલ્કતનાં અને ધંધાના ભાગ પાડવાનો સમય થયો હતો.

રાધાબેનથી આ બધું જોયું જતું ન હતું પરંતુ તે પણ પુત્રો અને પુત્રવધુઓ આગળ લાચાર હતા. મોટા ઝઘડાને અંતે છૂટા પડવા કરતાં વેળાસર ભાગ પાડવા સૌએ મુનાસિબ માન્યું. વડીલો અને સગાંઓની હાજરીમાં ત્રણ સરખાં હિસ્સા પાડવામાં આવ્યા. અને વૃદ્ધ માને પણ સારી રકમ, સોનું વગેરે આપવામાં આવ્યું હતું. બંગલામાં પણ ભાગ પડી ગયા હતા. સૌથી નાનો પુત્ર માને ભાગે આવ્યો હતો. એમ કહોને કે મા ના પણ ભાગ પડી ગયા હતા. ચાર માસના વારા નક્કી થયા હતા. દુઃખી હૃદયે મા એ આ બધું સ્વીકાર્યું હતું.

સૌથી નાનો દીકરો કે જેને મા સૌથી પ્રિય હતી તેણે સામે ચાલી માને સદાય પોતે રાખશે તેવી વાત કરી હતી. બહારથી દેખાવ કરી રહેલા બંને પુત્રો અંદરતી આ પ્રસ્તાવ ઉપર રાજી હતા અને એમજ થયું.

મા નાના દીકરાની સાથે રહી દિવસો પસાર કરવા લાગી. મોટા બંને પુત્રો પરિવાર સાથે માને મળવા આવતા અને બાહ્ય આડંબર કરી મા જોડેથી ધીરે ધીરે બધું લેવા લાગ્યાં. મા પણ બધું સમજી હોવા છતાં કદી ના પાડતાં ન હતા. નાનો પુત્ર નારાજ થતો છતાં મા ના પ્રેમને ઓળખતો હતો. રાધાબેન ઉંમરે લઇ લગભગ પથારીવશ રહેતા. નાના પુત્રની પત્ની સતત તેમનું ધ્યાન રાખતી અને સેવા કરતી. વૃદ્ધ માની પાસે એક જૂનો પટારો હતો. લોખંડની વજનદાર પેટીમાં માની જુની યાદગીરીની વસ્તુઓ, પૂજા સામાન વગેરે રહેતાં. અને આ પેટી તેમને અતિશય વહાલી હતી. પુત્ર નવી પેઠી લાવવા કહે તો તેને તરત ના પાડી દેતાં અને આ પેટી તેમની યાદગીરી છે તેને કદી ના વેચવાનું વારંવાર કહેતા. અરે! વચન સુદ્ધાં તેમને લઇ લીધું હતું.

માની દેખભાળમાં ધંધા તરફ પૂરતું ધ્યાન ન રહેતાં ધંધો લગભગ પડી ભાંઘ્યો હતો. પૈસે ટકે તકલીફો વધી રહી મોટા બંને પુત્રોએ ચતુરાઇથી મા ના ભાગની લગભગ મોટા ભાગની મૂડી પડાવી લીધી હતી. પરંતુ નાનો પુત્ર માની સેવા એજ સંપત્તિ માની જીવી રહ્યો હતો. મા તેને શ્રવણ કહી બોલાવતી.

માનો અંતિમ સમય આવી પહોંચ્યો હતો. મા એ મરતાં મરતાં પેટીની સાચવવાની વાત કરી હતી. અને તેમનાં પછી જરૂર પડે પેટી વેચવા કહ્યું હતું. મા નું અવસાન થયું ફરી એકવાર મા ના મોતનું અસહ્ય દુઃખ આવી પડ્યું હતું. માની અંતિમ ક્રિયા સુપેરે નાના દીકરાએ કરી હતી. સમય જતો ગયો. માના મૃત્યુને છ માસ વીતી ચૂકયા હતા. દીકરો હવે ધંધે ધ્યાન આપતો પણ મૂડી વગર ધંધો બરાબર ચાલતો ન હતો.

એક વાર તેની પત્નીએ વર્ષોથી ધૂળખાતી તથા બીનઉપયોગી પેટી કાઢી નાંખવા પતિને વાત કરી. નાના દીકરાએ મા ની યાદગીરી વેચવાની ચોખ્ખી ના પાડી હતી. દિવાળી નજીક આવતી હતી. ઘરમાં સફાઇ થઇ રહી હતી. સૌથી નાના પુત્રની પત્નીએ સફાઇ દરમિયાન પેટીને પણ સાફ કરવી જરૂરી સમજી ખાલી કરી હતી. અને આ વજનદાર પેટીને સાબુના પાણીથી ધોવી શરૂ કરી. પરંતુ તે ચમકી ગઇ હતી. પેટીનો રંગ ઉખડી ગયો હતો ત્યાં પિત્તળ જેવી ચમક જોઇ.

સાંજે નાના દીકરાને આ વાતની જાણ થઇ. તે પણ નવાઇ પામ્યો અને પેઠીને તપાસી. તો તે સૌના ભારે આશ્ચર્ય વચ્ચે ખબર પડી કે લોખંડની વજનદાર પેઠી ખરેખર સોનાની હતી. અવાચક થયેલાં તે સૌને થોડો સમય તો ધરતી સાચે ફરતી જણાઇ.

ભીંની આંખે દીકરાએ પેટીનું વજન કર્યું તો પેટી પગભગ બાર કિલોની હતી. અને બાર કિલો સોનાની પેટીની કિંમત વિચારતાં સૌ આનંદથી નાચી ઊઠ્યાં. મા શા માટે પેટીને સાચવતાં હતા તે હવે સમજાયું હતું.

દિવાળીના દિવસો બાદ દેવદિવાળીએ ભવ્ય સોના-ચાંદીના શો રૂમનું ઉદ્‌ઘાટન થઇ રહ્યું હતું. કરોડો રૂપિયાના આ સો રૂમને જોઇ બંને ભાઇઓ અને સૌ આશ્ચર્ય પામી રહ્યા હતા. અને આ ચમત્કારને સમજવા પ્રયત્ન કરતા હતા.

રાધા જવેલર્સ નામનો ભવ્ય શો રૂમ આજે પણ મા ના આશિષની ઝાંખી કરાવતો શહેરની મધ્યમાં શોભી રહ્યો છે.